# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 17/02/2026** **Morning : 7.10 to 7.20**
**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

---

1. **કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહની અધ્યક્ષતામાં ગાંધીનગરમાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશના સહકાર મંત્રીઓ સાથે મંથન બેઠક યોજાશે.**
2. **ગાંધીનગરથી આજે સહકારી સંસ્થાઓ અને ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ – APMCના 250 કરોડ રૂપિયાથી વધુની વિવિધ પરિયોજનાનું લોકાર્પણ કરાશે.**
3. **કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું, રાજ્યમાં દોષિત ઠેરવવાના દરમાં અભૂતપૂર્વ વધારો નોંધાયો.**
4. **ગુજરાત વિધાનસભામાં આજે બિનસરકારી સભ્યોના કામકાજની સમિતિનો અહેવાલ અને બે ખરડા રજૂ કરાશે.**
5. **રાજ્ય સરકાર આગામી 10 વર્ષમાં બે લાખથી વધુ જગ્યાઓ પર ભરતી કરશે - વિધાનસભા ગૃહમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતનું સંબોધન.**
6. **કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ - CBSEએ આ વર્ષથી શરૂ થતી નવી બોર્ડ પરીક્ષા યોજના માટે પાત્રતા નિયમ અંગે સત્તાવાર સ્પષ્ટતા કરી**

---------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..

# AMIT SHAH GNR MEETING

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહની અધ્યક્ષતામાં આજે વિવિધ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોના સહકાર મંત્રીઓ સાથે ઉચ્ચ સ્તરની મંથન બેઠક યોજાશે. સહકાર મંત્રાલયે જણાવ્યું કે, ગાંધીનગરમાં યોજાનારી આ બેઠક મંત્રાલયની મુખ્ય પહેલની સમીક્ષા, પ્રગતિનું મૂલ્યાંકન, રાજ્યોને શ્રેષ્ઠ પ્રથાઓ અને અનુભવનું આદાન-પ્રદાનની સાથે ભવિષ્ય માટે એક સંકલિત વ્યૂહરચના તૈયાર કરવામાં મદદરૂપ થશે.

ચર્ચામાં ગ્રામીણ અર્થતંત્રને નવી ગતિ આપવાના હેતુસર સ્થાપિત કરવામાં આવનારી બે લાખ નવી બહુહેતુક પ્રાથમિક કૃષિ ધિરાણ સમિતિઓ – **MPACS**, દૂધ ઉત્પાદન અને મત્સ્ય પાલન સહકારી સમિતિઓની પ્રગતિ પર વિચાર-વિમર્શ કરાશે. રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી જિતુ વાઘાણીએ આ અંગે વધુ માહિતી આપી.

**BYTE: JITU VAGHANI, PRAVAKTA MANTRI**

આ બેઠકમાં સહકારી સંસ્થાઓ અને ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ – **APMC**ના **250** કરોડ રૂપિયાથી વધુની વિવિધ પરિયોજનાનું પણ લોકાર્પણ કરાશે. શ્રી શાહે આજે સવારે અમદાવાદના ગોતા વિસ્તારની સોલા સિવિલ હૉસ્પિટલ ખાતે મોબાઈલ બ્લડ કલેક્સન વૅનનો શુભારંભ કરાવશે. જ્યારે સાંજે તેઓ ગાંધીનગરમાં મહારાષ્ટ્ર સમાજ દ્વારા નિર્મિત છત્રપતિ શિવાજી મહારાજની અશ્વારૂઢ પ્રતિમાનું અનાવરણ કરશે.

# AMIT SHAH ON GUJARAT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું, નવી ન્યાય સંહિતાના સંપૂર્ણ અમલીકરણ પછી દેશની ન્યાય વ્યવસ્થા વિશ્વમાં સૌથી આધુનિક બની જશે. તેમણે કહ્યું કે, નવા કાયદાઓ ન્યાય પ્રણાલિમાં વિલંબ ઘટાડશે અને દોષિત ઠેરવવાનો દર વધારવામાં પણ મદદ કરશે.

ગુજરાત, આસામ અને હરિયાણા જેવા રાજ્યમાં દોષિત ઠેરવવાના દરમાં અભૂતપૂર્વ વધારો નોંધાયો હોવાનું પણ શ્રી શાહે ઉંમેર્યું. ગઈકાલે નવી દિલ્હીમાં દિલ્હી પોલીસના 79-મા સ્થાપના દિવસ સમારોહને સંબોધતા શ્રી શાહે આ વાત કહી.

# VIDHANSABHA SECOND DAY

ગુજરાત વિધાનસભાના અંદાજપત્ર સત્રના બીજા દિવસની કામગીરી બપોરે 12 વાગ્યાથી શરૂ થશે. સત્તાવાર યાદી મુજબ, સૌપ્રથમ થનારી તારાકિંત પ્રશ્નોત્તરીમાં વિવિધ મુદ્દાઓ ગૃહ સમક્ષ રજૂ કરાશે. ત્યારબાદ વિધાનસભાની સમિતિના પ્રમુખ બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિનો નવમો અહેવાલ ગૃહમાં રજૂ કરશે. ઉપરાંત આ સમિતિના પ્રમુખ અને સભ્યનો પ્રસ્તાવ પણ રજૂ કરાશે.

મંત્રી કુંવરજી બાવળિયા ગુજરાત દુકાન અને સંસ્થા રોજગાર નિયમન અને સેવાની શરતો સુધારા વિધેયક ગૃહમાં રજૂ કરશે. જ્યારે રાજ્યમંત્રી સંજયસિંહ મહિડા સૌરાષ્ટ્ર ઘરખેડ, ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન ગુજરાત સુધારા વિધેયક ગૃહમાં રજૂ કરશે.

# RAJYAPAL VIDHANSABHA

પંદરમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રની ગઈકાલથી શરૂઆત થઈ. પહેલા દિવસે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ગૃહને સંબોધતા રાજ્યની વિકાસયાત્રા, સુશાસન અને સર્વસમાવેશી નીતિઓ અંગે માહિતી આપી. તેમણે કહ્યું, છેલ્લા વર્ષમાં 30 હજારથી વધુ યુવાનોને નિમણૂકપત્ર અપાયા છે. ત્યારે 10 વર્ષીય ભરતી કૅલેન્ડર દ્વારા બે લાખથી વધુ જગ્યાઓ ભરવાની સરકારની યોજના છે.

રાજ્યમાં પારદર્શક અને જવાબદાર શાસન વ્યવસ્થા સુનિશ્ચિત કરવા ટૅક્નોલૉજી આધારિત પહેલ અમલમાં મુકાઈ હોવાનું પણ રાજ્યપાલશ્રીએ પોતાના સંબોધનમાં ઉમેર્યું હતું. આ સિવાય તેમણે સોમનાથ સ્વાભિમાન પર્વ, સરદાર વલ્લભભાઈ પટેલ અને ભગવાન બિરસા મુંડાની દોઢ સોમી જન્મજયંતિ નિમિત્તે યોજાયેલી પદયાત્રાનો પણ ઉલ્લેખ કર્યો હતો.

# CBSE

કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ - CBSEએ આ વર્ષથી શરૂ થતી નવી બોર્ડ પરીક્ષા યોજના માટે પાત્રતા નિયમ અંગે સત્તાવાર સ્પષ્ટતા કરી છે. તેમા વિદ્યાર્થીઓ અને વાલીઓ દ્વારા વ્યક્તિગત, તબીબી અથવા અન્ય કારણોસર પ્રથમ પરીક્ષા આપી ન શકે તો બીજી બોર્ડ પરીક્ષામાં બેસવા અંગે માર્ગદર્શન મેળવવા કરાયેલા અનેક પ્રશ્ન પછી સ્પષ્ટતા કરવામાં આવી છે.

CBSEએ સ્પષ્ટ કર્યું કે પ્રથમ ધોરણ 10 બોર્ડ પરીક્ષામાં બેસવું બધા વિદ્યાર્થીઓ માટે ફરજિયાત છે, અને પ્રથમ પરીક્ષામાં ત્રણ કે તેથી વધુ વિષય ચૂકી જવાથી

તેઓ બીજી પરીક્ષા માટે અયોગ્ય બનશે. આવા વિદ્યાર્થીઓને "આવશ્યક પુનરાવર્તન" શ્રેણી હેઠળ વર્ગીકૃત કરાશે અને તેઓ ફેબ્રુઆરીમાં આગામી વર્ષના મુખ્ય પરીક્ષા સત્ર દરમિયાન જ આ વિષયમાં બેસી શકશે.

ઉપરાંત, પાસ થયેલા વિદ્યાર્થીઓ તેમના એકંદર પરિણામમાં સુધારો કરવા માટે કોઈ વિષય બદલવા માંગે તો  તેમને પણ બીજી પરીક્ષામાં બેસવાની મંજૂરી અપાય છે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

.....................................

## SURAT VIKASKARYO

સુરતમાં ધારાસભ્ય મોહન ઢોડિયાના હસ્તે મહુવા-વાલોડ-બારડોલી તાલુકામાં **13** કરોડ રૂપિયાથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરાયું. આ પ્રસંગે તેમણે કહ્યું, વિવિધ વિકાસકાર્યોના કારણે સ્થાનિક નાગરિકોને ઉત્તમ માળખાકીય

સુવિધાઓ ઉપલબ્ધ થશે. લોકોને વધુ સગવડ અને સુખાકારીની સાથે આવાસના લાભાર્થીઓને ઘરનું ઘર મળતા કાયમી છત્રછાયા મળશે તેમ પણ તેમણે ઉંમેર્યું.

# ASARVA UDEPUR TRAIN

ભારતીય રેલવે દ્વારા અમદાવાદના અસારવાથી રાજસ્થાનના ઉદેપુર વચ્ચે સિટી વન્દે ભારત એૅક્સપ્રેસ સેવાનો પ્રારંભ કરાયો. વિવિધ સુવિધાથી સજ્જ આ ટ્રેન આવતીકાલથી દરરોજ મંગળવાર સિવાય અસારવાથી સાંજે 5:45 વાગ્યે ઉપડશે.

આ જ રીતે ઉદયપુર સિટીથી દરરોજ આ ટ્રેન સાંજે 6:10 વાગ્યે ઉપડશે. હિમ્મતનગર મથક પરથી આ ટ્રેનનું પ્રસ્થાન કરાવતાં સમયે ઉપસ્થિત સાંસદ શોભના બારૈયાએ વધુ માહિતી આપી.

**BYTE: SHOBHANA BARAIYA, MEMBER OF PARLIAMENT)**

# ARAVALLI FARMER

અરવલ્લીના મોડાસા તાલુકામાં હફસાબાદ ગામના ખેડૂત નટુભાઈ પ્રાકૃતિક ખેતી અપનાવી અનેક ગામના ખેડૂતો માટે માર્ગદર્શક બન્યા છે.

પહેલાં રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાના ઉપયોગથી જમીનની ફળદ્રુપતા ઘટી હતી, ત્યાર બાદ તેઓ ગુજરાત પ્રાકૃતિક વિકાસ બોર્ડના માર્ગદર્શન અને સહયોગથી સંપૂર્ણપણે દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી તરફ વળ્યા.

**BYTE: નટુભાઇ –ખેડૂત**

# TAPI SWADESHI

તાપીના વ્યારામાં સ્થાનિક કારીગરોને રોજગારી મળે તે હેતુથી "સ્વદેશી બજાર"ની વિવિધ વસ્તુઓનો મેળો યોજાયો. એક સપ્તાહ સુધી યોજાનારા મેળામાં પ્રાકૃતિક કઠોળ જેવી અનેક વસ્તુઓ એક જ જગ્યાએ મળી રહે છે. એક વેપારી બાબલી ગામિતનો પ્રતિભાવ સાંભળીએ

બાઇટ - બાબલી ગામિત વેપારી

# AMBAJI TEMPLE TIME

હોળી અને ચંદ્રગ્રહણના કારણે શક્તિપીઠ અંબાજી મંદિરના દર્શન અને આરતીના સમયમાં ફેરફાર કરાયો છે. શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા જાહેર કરાયેલા નવા સમયપત્રક મુજબ, આગામી બીજી માર્ચે સોમવારે હોળી નિમિત્તે સવારે 7:30 થી 8:00 વાગ્યે આરતી થશે. 8:00 થી 11.30 ભક્તો મંદિરમાં દર્શન કરી શકશે. જ્યારે બપોરે 12 વાગ્યે માતાજીને રાજભોગ ધરાવાશે. તો સાંજે 6.30 વાગ્યે હોળી પ્રગટાવાશે. ત્યારબાદ સાંજની આરતી 7.30 થી 8.00 વાગ્યા સુધી કરાશે અને રાત્રે નવ વાગ્યા સુધી દર્શન કરી શકાશે.

--------------------------------------------------------------------